## BSNL જેવી બ્લુ ચીપ સરકારી કંપનીઓના ડીસઇન્વેસ્ટમેન્ટની મહત્વની યોજના

# ૧૦૦થી વધુ PSUના પબ્લિક ઇસ્યુનો નિર્ણય

(પીટીઆઇ) નવી દિલ્હી, તા.૫

કેન્દ્રીય કેબિનેટે આજે નફો કરતી જાહેર ક્ષેત્રની તમામ કંપનીઓના ડિસઇન્વેસ્ટમેન્ટની યોજનાનો પડકારજનક નિર્ણય લીધો હતો. સરકારના આ પગલાંને કારણે બીએસએનએલ, રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લીમિટેડ તથા કોલ ઇન્ડિયા લીમિટેડ જેવી બ્લુ ચીપ કંપનીઓ સહિતના ૧૦૦થી વધુ જાહેર સાહસો પબ્લીક ઇસ્યુ બહાર પાડશે. સરકારી કંપનીઓના ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા મેળવવામાં આવેલું ભંડોળ સીધુ સામાજીક યોજનાઓ પાછળ ખર્ચવામાં આવશે. અત્યારે જાહેરક્ષેત્રની ૪૦ કંપનીઓ શેરબજારમાં લિસ્ટેડ છે જ્યારે ૧૦૦થી વધુ કંપનીઓ લિસ્ટિંગની લાયકાત ધરાવે છે.

**નફો કરતાં જાહેર સાહસો માટે લિસ્ટિંગ ફરજિયાત : ઓછામાં ઓછી ૧૦ ટકા ઇક્વિટીનો ઇસ્યુ કરવો પડશે : કેબિનેટની આર્થિક બાબતોની સમિતિનો નિર્ણય**

કેન્દ્રીય કેબિનેટની આર્થિક બાબતોની સમિતિની બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે જાહેર સાહસો (સેન્ટ્રલ પબ્લીક સેક્ટર એન્ટરપ્રાઇઝીસ)ના ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા મેળવાયેલું ભંડોળ નેશનલ ઇન્વેસ્ટમેન્ટ ફંડ (એનઆઇએફ) મારફતે નહિ પણ સીધુ રોજગાર ગેરન્ટી યોજના જેવી સામાજિક યોજનાઓ માટે તથા સરકારી કંપનીઓનો આધુનિકીકરણ માટે ખર્ચવામાં આવશે. સરકારની ડિસઇન્વેસ્ટમેન્ટ યોજના પ્રમાણે શેરબજારમાં અગાઉથી નોંધાયેલી સરકારી કંપનીઓ પણ ઓછામાં ઓછા ૧૦ ટકાના પબ્લીક ઇસ્યુ બહાર પાડશે. વડાપ્રધાન મનમોહનસિંહના વડપણ હેઠળ મળેલી કબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

કેબિનેટનો નિર્ણય જાહેર કરતા ગૃહ પ્રધાન ચિદમ્બરમે જણાવ્યું હતું કે ત્રણ વર્ષનો ઉજળો રેકોર્ડ અને પોઝેટીવ નેટવર્થ ધરાવતી અનલિસ્ટેડ કંપનીઓ આઇપીઓ (ઇનીશ્યલ પબ્લીક ઑફર) બહાર પાડશે. યુપીએ સરકારે બીજી ટર્મમાં અગાઉથી જ જાહેરક્ષેત્રની બે કંપની- એનએચપીસી અને ઑઇલ ઇન્ડિયાના ડિસઇન્વેસ્ટમેન્ટને મંજૂરી આપી દીધી છે, એ પછી સરકારે આજે લીધેલા નિર્ણયને કારણે વધુ કંપનીઓ કેપિટલ માર્કેટમાં ઝુકાવશે.

અત્યારે જાહેરક્ષેત્રની ૪૦ લીસ્ટેડ અને બીએસએનએલ સહિતની ૧૦૦થી વધુ કંપનીઓ લિસ્ટિંગ માટે તૈયાર છે. ચિદમ્બરમે જણાવ્યું હતું કે આઇપીઓ યોગ્ય સમયે બહાર પાડવામાં આવશે. આ ઉપરાંત ડિસઇન્વેસ્ટમેન્ટ નીતિમાં મહત્વનો ફેરફાર કરતા સરકારે કેપિટલ માર્કેટમાંથી મેળવવામાં આવતું ભંડોળ સીધુ સામાજિક ક્ષેત્ર (આરોગ્ય અને શિક્ષણ જેવા) માટે ખર્ચવાનો નિર્ણય કર્યો હતો, એટલે કે હવે ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા મેળવવામાં આવતું ભંડોળ એનઆઇએફ મારફતે ફાળવવાની જરૂર નહિ પડે.

પબ્લીક ઑફર માટે લાયક એવી અનલીસ્ટેડ સરકારી કંપનીઓમાં બીએસએનએલ (ભારત સંચાર નિગમ લીમિટેડ), રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લીમિટેડ અને કોલ ઇન્ડિયા લીમિટેડ જેવી બ્લુચિપ કંપનીઓ પણ સામેલ છે. સીબીના નિયમ પ્રમાણે તમામ લીસ્ટેડ કંપનીઓએ ઓછામાં ઓછી ૧૦ ટકા ઇક્વીટી જાહેર જનતા માટે ફાળવવી જરૂરી છે, જો કે અનેક જાહેરક્ષેત્રની કંપનીઓ ૧૦ ટકા કરતા પણ ઓછું પબ્લીક હોલ્ડીંગ ધરાવે છે. નિષ્ણાંતોના મતે સરકારના નિર્ણયને કારણે સરકારી કંપનીઓની છુપાયેલી નેટવર્થ બહાર આવશે. યુપીએ સરકારે ડિસઇન્વેસ્ટમેન્ટ નીતિ દ્વારા જાહેરક્ષેત્રની કંપનીઓનો ૫૧ ટકા હિસ્સો પોતાને હસ્તક રાખીને ઇક્વીટીનું ભારણ ઘટાડવાનો નિર્ણય કર્યો હતો.